## સુંગધ બાની

અંધારાની આળ આગળ
દિવો ધરી હાથ
બા તો છે.

કયાં છે માયા ને મમતા?
મમતાને બોલાવ
બા તો છે.

હાલરડા મીઠાં મધુર કંઠ
સચિંત સોડમાં હાલ
બા તો છે.

નવરાવે પહેરાવે ને પોઢાડે
હેત ભરી વેણ આપે
બા તો છે.

દીપ કહે હું જયોતિ આપું
સોણલુ ને હુંફ આપવા
બા તો છે.

ભય એટલા દેવ પૂજયા
દોરો ધાગા, ટેક લેવા
બા તો છે.

દુઃખના ઉઠવ્યાં દરિયા મહી
અડીખમ હમેશ રહી
બા તો છે.

આજ અમાસ ને કાલે પુનમ
હમેશ સાથ સાથ
બા તો છે.

બેનીના આખંયુ છલકાય
એક છે સમજે સુખદુઃખ
બા તો છે.

ભાવનાનાં વાવેતર વાવ્યાં
અમને વંહેચી આપવા
બા તો છે.

બા ગઈ જનની ગઈ
બા વિના સુનો સંસાર
દીલમાં બા તો છે

આજે કંસાર લાગે મોળો
ડાળી વગર રડે ફૂલો
આંખમાં બા તો છે

છબીને નમી વિનવું છું
દિલની વાત કહેવી છે
બા તું જ તો છે.

સરવરિયાને સોનેરી પાળે
ખોબા ભરી ફૂલો આપ્યાં
સુંગધ બાની તો છે.

*રૂક્ષ્મણીબહેન ટી પટેલ*
*બોલ્ટન*